**બિડાણઃ–** સેકશન અધિકારીશ્રી, ગુજરાત સરકાર, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૨૨.૧૨.૨૦૨૦ના ઠરાવ ક્રમાંક : મસભ–૧૦૨૦૧૩–૧૪૨૯૬૯–ચ

**વિષયઃ–** રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત યોજનાની અવેજીમાં ખાસ રોકડ પેકેજ જાહેર કરવા અને બ્લોક વર્ષ ૨૦૧૬–૧૯ ની મુદતમાં વધારો કરવા બાબત......

---

જા.નં.નકૃયુ/રજી/અ.૩.૨/ ૧૧૩૫૧–૮૦૦ /૨૦૨૦. તાઃ ૨૮/૧૨/૨૦૨૦

**સામેલઃ** ઉપર મુજબ.

**ઈ/ચા.કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાનાઃ–** અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટના અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ

૨/– સેકશન અધિકારીશ્રી, ગુજરાત સરકાર, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૨૨.૧૨.૨૦૨૦ના ઠરાવનો અમલ થવા સારુ.

રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ
રાહત યોજનાની અવેજીમાં ખાસ
રોકડ પેકેજ જાહેર કરવા અને
બ્લોક વર્ષ ૨૦૧૬-૧૯ ની
મુદતમાં વધારો કરવા બાબત

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક:મસભ-૧૦૨૦૧૩-૧૪૨૯૬૯-ચ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૨૨/૧૨/૨૦૨૦

વંચાણે લીધા: (૧) નાણા વિભાગના ઠરાવ ક્ર. મસભ/૧૦૨૦૧૩/૧૪૨૯૬૯/ચ, તા.૨૮/૮/૨૦૧૫

(૨) નાણા વિભાગના ઠરાવ ક્ર. મસભ/૧૦૨૦૧૩/૧૪૨૯૬૯/ચ, તા.૨૨/3/૨૦૧૬

(3) ભારત સરકાર, નાણા મંત્રાલયનું ઓફીસ મેમોરેન્ડમ નં. એફ નં. ૧૨(૨)/૨૦૨૦-ઇII(એ) તા. ૧૨/૧૦/૨૦૨૦

## // ઠરાવ //

રાજ્ય સરકારના કર્મચારીઓના કિસ્સામાં રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત યોજના નાણા વિભાગના તા. ૧૫/૧૦/૧૯૬૬ ના ઠરાવથી અમલમાં મુકવામાં આવેલ છે. પ્રસ્તુત યોજના અંતર્ગત વખતોવખત થયેલ સુધારાનું વહીવટી અમલીકરણ સરળ બને તે હેતુસર વંચાણમાં લીધેલ ક્રમ (૧) અને ક્રમ (૨) ના ઠરાવથી સંકલીત સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

હાલમાં કોવિડ-૧૯ મહામારી અંતર્ગત સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવેલ લોકડાઉનના કારણે ટ્રાન્સપોર્ટેશન અને હોસ્પિટાલીટી ક્ષેત્રમાં મુશ્કેલી પડવાના કારણે, રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત યોજના અંતર્ગત રાજ્ય સરકારના અમુક કર્મચારીઓ ગત બ્લોક વર્ષ ૨૦૧૬-૧૯ કે જે આપોઆપ એક વર્ષ લંબાયેલ છે અને તેની મુદત તા. ૩૧/૧૨/૨૦૨૦ ના રોજ પૂર્ણ થાય છે, તેનો લાભ લઇ શકેલ નથી. સદરહુ મુદતમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

વધુમાં, હાલ કોરોના મહામારી અંતર્ગત લોકડાઉનના કારણે વેપાર જગતમાં તંગી પ્રવર્તે છે.તે જોતાં લોકોની ખરીદ શક્તિ વધે અને તે મુજબ રાજ્યની અર્થવ્યવસ્થાને વધુ વેગ મળે તે હેતુને ધ્યાને રાખી, રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ યોજનાની અવેજીમાં ખાસ રોકડ પેકેજ યોજના જાહેર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

upload on Uni. Website

A32
28/12

28/12

વિભાગ, ન.કૃ.યુ., નવસારી
ઈ.નં. ૭૫૨૮
28 DEC 2020
ઓડીએમ-૩ શાખા

Scanned by CamScanner

ઉપર જણાવેલ બન્ને બાબતો પરત્વે પુખ્ત વિચારણાના અંતે ઉપર વંચાણમાં લેવામાં આવેલ ક્રમ(૧) અને (૨) ના ઠરાવની જોગવાઇઓને આધીન નીચે મુજબ આથી ઠરાવવામાં આવે છે.

રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત યોજના અંતર્ગત ગત બ્લોક વર્ષ ૨૦૧૬-૧૯ કે જે આપોઆપ એક વર્ષ લંબાયેલ છે અને તેની મુદત તા. ૩૧/૧૨/૨૦૨૦ ના રોજ પૂર્ણ થાય છે તેમાં વધુ ૩ (ત્રણ) માસનો વધારો કરી, તા. ૩૧/૩/૨૦૨૧ સુધી લંબાવવામાં આવે છે.

રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત યોજના અંતર્ગત ગત બ્લોક વર્ષ ૨૦૧૬-૧૯ નો લાભ લેવામાંથી વંચીત રહેલ કર્મચારીઓ અને હાલમાં સેવામાં ચાલુ હોય તેવા કર્મચારીઓના કિસ્સામાં, રજા પ્રવાસ રાહત/ વતન પ્રવાસ રાહત યોજના અનુસંધાનમાં ખરેખર મુસાફરી કરવાના <u>વિકલ્પે</u> નીચે જણાવેલ શરતોને આધીન <u>ખાસ રોકડ પેકેજ યોજના</u> જાહેર કરવામાં આવે છે.

૧. જે કર્મચારીઓ દ્વારા બ્લોક વર્ષ ૨૦૧૬-૧૯ નો લાભ ભોગવી લેવામાં આવેલ છે તેઓને આ ખાસ રોકડ પેકેજ યોજનાનો લાભ મળવાપાત્ર થશે નહીં.

૨. આ યોજના બ્લોક વર્ષ ૨૦૨૦-૨૩ માટે લાગુ પડશે નહીં.

૩. ખાસ રોકડ પેકેજ યોજના અંતર્ગત રજા પ્રવાસ રાહત પેશગી મળવાપાત્ર થશે નહીં.

૪. ખાસ રોકડ પેકેજ યોજનાનો લાભ લેવા ઇચ્છુક કર્મચારીઓના કિસ્સામાં, કર્મચારી દ્વારા રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત યોજના અંતર્ગત નિયમોનુસાર મળવાપાત્ર થતી પ્રાપ્ત રજાનું રોકડમાં રૂપાંતરની રકમ જેટલો કે તેથી વધુ ખર્ચ કરવામાં આવે તો જ, તે રજાનું રોકડમાં રૂપાંતરની મળવાપાત્ર થતી રકમ ગણતરીમાં લેવાની રહેશે. સદરહુ રજાઓને એલટીસી અંતર્ગત રજાનું રોકડમાં રૂપાંતર કરવા બાબતમાં મળવાપાત્ર રજાઓમાં ગણતરીમાં લેવાની રહેશે.

૫. આ યોજના અંતર્ગત સુચિત રજા પ્રવાસ રાહતનું ભાડુ નીચે જણાવ્યા મુજબ મંજુર કરવાનું રહેશે.

| અધિકારી/કર્મચારીની કક્ષા | પ્રત્યેક કર્મચારીના કિસ્સામાં મુસાફરી અંગે સુચિત ભાડુ (સંપૂર્ણ ભાડુ) |
|---|---|
| છઠ્ઠા પગારપંચ મુજબ રૂ. ૭૬૦૦/- ગ્રેડ પે કે તેથી વધુ ગ્રેડ પે મુજબનો પગાર ધરાવતા | રૂ. ૨૦,૦૦૦/- |
| છઠ્ઠા પગારપંચ મુજબ રૂ. ૭૬૦૦/- ગ્રેડ પે કરતા ઓછો ગ્રેડ પે મુજબનો પગાર ધરાવતા | રૂ. ૬,૦૦૦/- |

૬. ઉપર જણાવેલ ભાડાની સુચિત રકમ કરતા કર્મચારી દ્વારા ૩ (ત્રણ) ગણો ખર્ચ કરવામાં આવે તો, સુચિત ભાડાની રકમ મળવાપાત્ર બનશે.

Scanned by CamScanner

૭. રજાનું રોકડમાં રૂપાંતર અને સૂચિત ભાડાની રકમની પાત્રતા માટે, કર્મચારી દ્વારા જીએસટી રજીસ્ટર્ડ વેપારી/સેવા પુરી પાડનાર પાસેથી, ૧૨% થી ઓછો જીએસટી દર ન હોય તેવી કોઇ વસ્તુ ખરીદ કરવામાં/સેવા મેળવવામાં આવેલ હોય અને તે પરત્વેનું ચુકવણું શક્યતઃ ડીજીટલ માધ્યમ દ્વારા કરવામાં આવેલ હોય તેમજ જીએસટી નંબર અને ચુકવેલ જીએસટીની રકમ દર્શાવતું ચલણ મેળવેલ હોય તે ધ્યાને લઇ, (૧) રજાનું રોકડમાં રૂપાંતર જેટલી રકમ અને (૨) સુચિત ભાડાથી ત્રણ ગણી રકમનો ખર્ચ કરવાનો રહેશે.

૮. કર્મચારીને મળવાપાત્ર રકમનું ચુકવણુ સદરહુ પેકેજની કુલ રકમ (એલટીસી માટે મળવાપાત્ર રજાનું રોકડમાં રૂપાંતર અને સુચિત ભાડુ) અથવા આ સાથે સામેલ પરિશિષ્ટ – A મુજબના ઉદાહરણમાં દર્શાવ્યા મુજબના ખર્ચની મર્યાદામાં મળવાપાત્ર થશે.

જે કર્મચારીનાં કિસ્સામાં રજાનું રોકડમાં રૂપાંતરનો લાભ મેળવ્યા સિવાય ખાસ રોકડ પેકેજનો લાભ મળવાપાત્ર બનતો હોય, તે કિસ્સામાં આ સાથે સામેલ પરિશિષ્ટ – B મુજબની મર્યાદામાં રકમ મળવાપાત્ર થશે.

૯. સદરહુ યોજના અંતર્ગત પરિશિષ્ટ-A મુજબના ઉદાહરણમાં દર્શાવ્યા મુજબના જે તે કર્મચારીને મળવાપાત્ર રજાનું રોકડમાં રૂપાંતરની રકમ (A) હોય, તેમજ તેમને મળવાપાત્ર સુચિત ભાડાની રકમ (B) ધ્યાને લેતા, જે તે કર્મચારી દ્વારા જો રજાનું રોકડમાં રૂપાંતરની રકમ (A) અને મળવાપાત્ર સુચિત ભાડાની ત્રણ ગણી રકમ (3XB) જેટલો ખર્ચ કરવામાં આવે તો સદરહુ પેકેજ યોજના અંતર્ગત મહત્તમ રકમ એટલે કે રજાનું રોકડમાં રૂપાંતરની રકમ (A) અને મળવાપાત્ર સુચિત ભાડાની રકમ (B) જેટલી રકમ મળવાપાત્ર થશે.

૧૦. જે કિસ્સામાં રજાનું રોકડમાં રૂપાંતરની રકમ (A) અને મળવાપાત્ર સૂચિત ભાડાની ત્રણ ગણી રકમ (3XB) કરતાં ઓછો ખર્ચ કરવામાં આવે તે કિસ્સામાં આ સાથે સામેલ ઉદાહરણ (પરિશિષ્ટ-A) મુજબ પ્રોપોર્શન ધોરણે રકમ મળવાપાત્ર રહેશે.

૧૧. સદરહુ પેકેજ યોજનાનો લાભ તા. ૩૧/૩/૨૦૨૧ સુધીમાં લેવાનો રહેશે અને આ બાબત પરત્વેના દાવાઓ શક્યતઃ તા. ૩૧/૩/૨૦૨૧ સુધીમાં સરભર કરવામાં આવે તે જોવાનું રહેશે.

૧૨. પ્રવર્તમાન નિયમોનુસાર રજાનું રોકડમાં રૂપાંતરના કિસ્સામાં ટીડીએસ લાગુ પડે છે. સદરહુ પેકેજ યોજના અંતર્ગત સુચિત ખરેખર કરેલ મુસાફરીના બદલે એલટીસી ભાડુ સરભર કરવાનું નિયત કરવામાં આવેલ હોવાની બાબત ધ્યાને લેતાં, સદરહુ રજાનું રોકડમાં રૂપાંતરની રકમ આવકવેરાના હેતુ માટે ગણતરીમાં લેવાની રહેશે નહીં તેમજ સુચિત એલટીસી ભાડાને સરભર કરતા સમયે ટીડીએસની કપાત કરવાની રહેશે નહીં.

૧૩. સદરહુ પેકેજ યોજનાનો લાભ લેવા માટે કર્મચારીએ ફરજીયાતપણે રજાનું રોકડમાં રૂપાંતર અને એલટીસી ભાડુ બન્નેનો લાભ લેવાનો રહેશે અને તો જ આ પેકેજનો લાભ મળવાપાત્ર થશે.

Scanned by CamScanner

૧૪. સદરહુ પેકેજ યોજનાના અમલીકરણના અનુસંધાનમાં લાગુ પડતી વધુ સ્પષ્ટતાઓ આ સાથે સામેલ પત્રક મુજબ ધ્યાને લેવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કુલસચિવશ્રીની કચેરી
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ઈનવર્ડ નંબર : 73.1
તારીખ : 23/12/2021

( મહેશ પી. ધોળકિયા)
સેક્શન અધિકારી
નાણા વિભાગ

નકલ રવાના પ્રતિ:-

* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
* માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત લોકાયુક્ત કચેરી, લોકાયુક્ત ભવન, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
* અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો/સર્વે ખાતાના વડાઓ
- એકાઉન્ટન્ટ જનરલ ઓડિટ-૧, ગુજરાત, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી(એ.એન્ડ ઇ.), ગુજરાત, પો.બો. નં. ૨૨૦, રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત, અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
- સ્થાનિક ભંડોળ હિસાબ, ડી. એ. ટી.ગાંધીનગર /સર્વે સહાયક નિરિક્ષકશ્રીઓ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
- તમામ નિગમ/બોર્ડ/યુનિવર્સિટીઓ/રાજ્ય સરકારના તમામ જાહેર સાહસો.
- સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ..... વેબસાઇટ ઉપર મુકવા સારૂ.
- સિલેક્ટ ફાઇલ
* પત્ર દ્વારા

Scanned by CamScanner

# ખાસ રોકડ પેકેજ યોજના અંતર્ગત સંભવિત પ્રશ્નો અને જવાબો

| ક્રમ | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| ૧ | સદરહું ખાસ રોકડ પેકેજ યોજનાનો લાભ લેવા માટે જે-તે કર્મચારીએ રજા લેવી અથવા ખરેખર મુસાફરી કરવી આવશ્યક છે? | સદરહું યોજના રજા પ્રવાસ રાહત યોજનાની અવેજીમાં હોઇ, જે-તે કર્મચારીએ રજા લેવાની કે ખરેખર મુસાફરી કરવાની આવશ્યક્તા નથી. |
| ૨ | સદરહું યોજના માટે ઉપયોગમાં લેવામાં આવનાર જે-તે એલટીસી બ્લોકનો આંશિક ઉપયોગ જે-તે કર્મચારી અથવા તેના કુટુંબનાં સભ્યો દ્વારા કરવામાં આવેલ હોય તેમને સદરહું યોજનાનો લાભ મળવાપાત્ર છે? કેટલી મર્યાદામાં? | હા. બ્લોક વર્ષ ૨૦૧૬-૧૯ દરમિયાન વણવપરાયેલ એલટીસી ભાડાની મર્યાદામાં નાણા વિભાગનાં તા.૨૮/૦૮/૨૦૧૫નાં ઠરાવની જોગવાઇ મુજબ પ્રોરાટા ધોરણે મળવાપાત્ર થશે. |
| ૩ | જો કોઇ કર્મચારી રજા પ્રવાસ રાહત યોજનાનાં હેતુ માટે મળવાપાત્ર રજાનું રોકડમાં રૂપાંતરની મહત્તમ મર્યાદા વટાવી ચુકેલ હોય તો તેવા કિસ્સામાં આ યોજનાનો લાભ મળવાપાત્ર છે? | હા. પરિશિષ્ટ-B નાં ઉદાહરણ મુજબ મળવાપાત્ર થશે. |
| ૪ | વસ્તુ અથવા સેવાની ખરીદીનાં અનુસંધાને એક જ બીલ રજુ કરવાનું રહેશે કે એકથી વધારે બીલો પણ રજુ કરી શકાય? | એક થી વધારે બીલો પણ રજુ કરી શકાય છે. વસ્તુ અથવા સેવાની ખરીદી આ ઠરાવ પ્રસિદ્ધ થયા તારીખ થી તા.૩૧/૦૩/૨૦૨૧ સુધીમાં થયેલ હોવી જોઇએ. ૧૨% થી વધારે જીએસટી દર ધરાવતી વસ્તુ અથવા સેવાની ખરીદી થયેલ હોવી જોઇએ અને તેનાં માટેનું ચુકવણું શક્યતઃ ડિજિટલ માધ્યમથી થયેલ હોવું જોઇએ. |
| ૫ | આ યોજનાનો લાભ લેવા માટેની અરજી કરવા અંગે કોઇ સૂચિત નમૂનો છે? | કોઇ જ સૂચિત નમૂનો નથી. સદરહું યોજનાનો લાભ લેવા અંગેની સાદી અરજી સક્ષમ અધિકારી સમક્ષ રજુ કરવાની રહેશે. |
| ૬ | જો કોઇ કર્મચારી જે-તે વસ્તુ/સેવા, બીલ/ઇનવોઇસ મુજબ | જીએસટીની વિગતો ધરાવતાં ઇનવોઇસનાં આધારે સદરહું યોજના |

Scanned by CamScanner

| | | |
|---|---|---|
| | તા.૩૧/૦૩/૨૦૨૧નાં રોજ અથવા તે પહેલા ખરીદી કરે છે પરંતુ જે-તે વસ્તુ/સેવા એપ્રિલ,૨૦૨૧ દરમ્યાન મેળવે તેવા કિસ્સામાં? | અંતર્ગત ખર્ચની રકમ મળવાપાત્ર છે. આથી, અંતિમ સમયે વહીવટી પ્રશ્નો ઉદભવે નહિં તે બાબત ધ્યાને લેતાં, સદરહુ યોજનાનો લાભ લેવા માટેનાં દાવાઓ શક્યત તા.૩૧/૦૩/૨૦૨૧ પહેલા સરભર કરવાની તકેદારી રાખવી હિતાવહ છે. |
| ૭ | ડિજિટલ માધ્યમથી ચુકવણું કરવા જે-તે કર્મચારી દ્વારા તેનાં પતિ/પત્નિ અથવા કુટુંબનાં અન્ય સભ્યોનાં ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરી શકાય? | સદરહું યોજના અંતર્ગત ખર્ચની રકમ મેળવવા માટે રજુ કરવામાં આવનાર ઇનવોઇસ જે-તે કર્મચારીનાં નામે હોવુ જરૂરી છે. |
| ૮ | લેવડ-દેવડ(ટ્રાન્ઝેક્શન) ની કોઇ સંખ્યા મર્યાદા છે? | વહીવટી અનુકુળતા જળવાય તે હેતુને ધ્યાને લેતાં શક્યતઃ ઓછી સંખ્યામાં લેવડ-દેવડ કરવી. |
| ૯ | ઇ-કોમર્સ પ્લેટફોર્મ પરથી ખરીદી કરી શકાય? | જરૂરી ઇનવોઇસ/વિગતો આપવામાં આવે તેવા કિસ્સાઓ માટે, ઇ-કોમર્સ પ્લેટફોર્મ પરથી ખરીદી કરી શકાય. |
| ૧૦ | પતિ-પત્નિ બન્ને સરકારી કર્મચારીઓ હોય. જો એક કર્મચારી દ્વારા પોતાના અને પોતાના પતિ/પત્નિ માટે, ખાસ રોકડ પેકેજનો લાભ, રજાનું રોકડમાં રૂપાંતર સહિત મેળવેલ હોય તો તેવા કિસ્સામાં તેના પત્નિ/પતિને રજાનું રોકડમાં રૂપાંતર મળી શકે? | હા. |
| ૧૧ | લોન/ઇએમઆઇ પદ્ધતિ મુજબ ખરીદ કરવામાં આવેલ હોય તેવી વસ્તુ / સેવાનો સમાવેશ આ યોજના અંતર્ગત થાય છે? | લોન/ઇએમઆઇ પદ્ધતિ મુજબ ૧૨%થી ઓછો નહિ તેવી કોઇપણ વસ્તુ/સેવાની ખરીદી જો આ ઠરાવ બહાર પાડ્યા તારીખ કે ત્યારબાદ કરવામાં આવેલ હોય અને તેનું બીલ રજુ કરવામાં આવે તો આ યોજનાનો લાભ મળવાપાત્ર બનશે. |
| ૧૨ | ચેક/ડીડી/બેન્કર્સ ચેક/એનઇએફટી/આરટીજીએસ વડે ચુકવણું કરી શકાય? | હા |

Scanned by CamScanner

| | | |
|---|---|---|
| ૧૩ | પાંચ વર્ષથી નાની વયનાં બાળકોનાં કિસ્સામાં રેલ્વે ભાડું ચુકવવાનું રહેતું નથી. તો આવા બાળકો આ યોજના હેઠળ આશ્રિત તરીકે ગણતરીમાં લેવાનાં રહે છે? | હા. જો રજા પ્રવાસ રાહત યોજના નિયમો મુજબ જે-તે બાળક આશ્રિત તરીકે ગણવામાં આવતો હોય તો. |
| ૧૪ | શું સ્વાયત્ત સંસ્થાઓને આ યોજના લાગુ પડે છે? | આ ઠરાવ બહાર પાડ્યા તારીખ પહેલાથી જો કોઇ સ્વાયત્ત સંસ્થા દ્વારા રાજ્ય સરકારનાં નિયમોનુસાર રજા પ્રવાસ રાહત યોજના લાગુ કરવામાં આવેલ હોય તો જે-તે સ્વાયત્ત સંસ્થા આ યોજના અપનાવવા બાબતમાં વિચારણા કરી શકે છે. |
| ૧૫ | આ ઠરાવ બહાર પાડ્યા તારીખ કે ત્યારબાદ ખરીદ કરવામાં આવેલ હોય અને આ ખાસ રોકડ પેકેજ યોજનાનો લાભ લેવા માટેનો વિકલ્પ આપવામાં આવેલ ન હોય તેવા કિસ્સામાં આ યોજનાનો લાભ મળવાપાત્ર છે? | આ ઠરાવ બહાર પાડ્યા તારીખ થી તા.૩૧/૦૩/૨૦૨૧ દરમિયાન કરવામાં આવેલ ખરીદી માટે સદરહું યોજનાનો લાભ મળવાપાત્ર છે. |
| ૧૬ | જે-તે કર્મચારી ૧૦ દિવસથી ઓછી પ્રાપ્ત રજાનું રોકડમાં રૂપાંતર મેળવી શકે છે? | રજા પ્રવાસ રાહત યોજનાનાં નિયમોની જોગવાઇઓ મુજબ પ્રાપ્ત રજાનું રોકડમાં રૂપાંતર મેળવી શકાય. |
| ૧૭ | પહેલા થી અસ્તિત્વમાં હોય તેવી વીમા યોજનાઓનાં પ્રિમીયમ માટેનાં ચુકવણાનો સમાવેશ આ યોજના અંતર્ગત થઇ શકે? | સદરહું યોજનાનો લાભ ૧૨% થી ઓછો નહિ તેવી વસ્તુ/સેવાની ખરીદી આ ઠરાવ બહાર પાડ્યા તારીખથી તા.૩૧/૦૩/૨૦૨૧ દરમિયાન કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં જ મળવાપાત્ર છે.પહેલા થી અસ્તિત્વમાં હોય તેવી વીમા યોજનાઓનાં પ્રિમીયમનો સમાવેશ આ યોજના હેઠળ થતો નથી. તેમ છતાં, આ ઠરાવ બહાર પાડ્યા તારીખથી તા.૩૧/૦૩/૨૦૨૧ દરમિયાન લેવામાં આવેલ ૧૨%થી ઓછો જીએસટી દર ન હોય તેવી વીમા પોલીસીનાં પ્રિમીયમનો ખર્ચ આ યોજના હેઠળ મળવાપાત્ર થશે. |

Scanned by CamScanner

| | | |
|---|---|---|
| ૧૮ | જે-તે કર્મચારી દ્વારા ખરીદ કરવામાં આવેલ વસ્તુ/સેવા પૈકીનાં ઓરીજીનલ બીલ ઉપાડ અને વહેંચણી અધિકારીને રજુ કરવા જરૂરી છે? | ના. જે-તે બીલ અંગેની સ્વપ્રમાણીત નકલ રજુ કરવાની રહેશે. પરંતુ, જરૂર જણાયે ઓરીજીનલ બીલ રજુ કરવાના રહેશે. |
| ૧૯ | સદરહું યોજના હેઠળ બીલ/વાઉચર તા.૩૧/૦૩/૨૦૨૧ પહેલા રજુ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. તા.૩૧/૦૩/૨૦૨૧ કે તે પહેલા વય-નિવૃત્ત થતાં કર્મચારીઓનાં કિસ્સામાં પણ અંતિમ તારીખ આ જ રહેશે? | જે-તે કર્મચારી દ્વારા તેઓ વયનિવૃત્ત થાય તે તારીખે અથવા એ પહેલા વાઉચર/બીલો રજુ કરવાનાં રહેશે. |

Scanned by CamScanner

## પરિશિષ્ટ-A

<u>ઉદાહરણઃ-</u>

જો કોઇ કર્મચારીનો મૂળ પગાર રૂ. ૫૦,૦૦૦/- છે અને તેના કુટુંબના ૪ સભ્યો હોય તો,

- કર્મચારીનો મૂળ પગાર = રૂ.૫૦,૦૦૦/-
- મોંઘવારી ભથ્થું =૧૬૪ % ( છઠ્ઠા પગાર પંચ મુજબ)
- રજાનું રોકડમાં રૂપાંતર=[ ૫૦૦૦૦ + (૫૦૦૦૦ X ૧.૬૪ ) ] X ૧૦= રૂ. ૪૪,૦૦૦/- (A)
  30
- સુચિત ભાડાની રકમ:રૂ.૨૦,૦૦૦/-(છઠ્ઠા પગાર પંચ મુજબ ગ્રેડ પે-૭૬૦૦ કે તેથી વધુ)
- કુટુંબના ૪ સભ્યોની ગણતરી ધ્યાને લેતાં,
- ભાડાની સુચિત રકમ : ૨૦,૦૦૦ X ૪ = રૂ. ૮૦,૦૦૦/- (B)
- મળવાપાત્ર મહત્તમ રકમ= રૂ. ૪૪,૦૦૦/-(A) + રૂ.૮૦,૦૦૦/- (B)= રૂ.૧,૨૪,૦૦૦/-
- યોજના અંતર્ગત રોકડનો સંપૂર્ણ લાભ લેવા માટે ખર્ચ કરવાની થતી ન્યુનતમ રકમ

  =A+(3XB)

  =૪૪,૦૦૦ + ૨,૪૦,૦૦૦ = ૨,૮૪,૦૦૦/-

(૧). રજાનું રોકડમાં રૂપાંતરની ટકાવારી = [ ૪૪,૦૦૦ X ૧૦૦ / ૨,૮૪,૦૦૦ ] = ૧૫.૪૯ %

(૨). સુચિત ભાડાની ટકાવારી = [ ૮૦,૦૦૦ X ૧૦૦ / ૨,૮૪,૦૦૦ ] = ૨૮.૧૬ %

- આમ, ઉપરોક્ત ઉદાહરણ મુજબ જો કોઇ કર્મચારી રૂ. ૨,૮૪,૦૦૦/- કે તેથી વધુ રકમનો ખર્ચ કરે તો તેને મહત્તમ રૂ.૨,૮૪,૦૦૦/- નાં ૪૩.૬૫% રકમ એટલે કે, કુલ રૂ.૧,૨૪,૦૦૦/- પરત મળવાપાત્ર થશે.

વધુમાં, જો કોઇ કર્મચારી દ્વારા આ યોજના અંતર્ગત રોકડનો સંપૂર્ણ લાભ લેવા માટે ખર્ચ કરવાની થતી ન્યુનત્તમ રકમ કરતા ઓછો ખર્ચ કરવામાં આવે તેવા કિસ્સામાં, ઉપર જણાવ્યા મુજબની ગણતરી વ્યક્તિગત કિસ્સામાં કર્યા મુજબ, રજાનાં રોકડમાં રૂપાંતર પેટે મળવાપાત્ર થતી રકમ અને ભાડાની રકમ પેટે મળવાપાત્ર થતી રકમ, આ યોજના અંતર્ગત મળવાપાત્ર થતી મહત્તમ રકમ (A+B) ની મર્યાદામાં મળવાપાત્ર થશે.

Scanned by CamScanner

# પરિશિષ્ટ- B

<u>ઉદાહરણઃ-</u>

જો કોઇ કર્મચારીનો મૂળ પગાર રૂ. ૫૦,૦૦૦/- છે અને તેના કુટુંબના ૪ સભ્યો હોય તો,

- કર્મચારીનો મૂળ પગાર = રૂ.૫૦,૦૦૦/-
- સુચિત ભાડાની રકમ:રૂ.૨૦,૦૦૦/-(છઠ્ઠા પગાર પંચ મુજબ ગ્રેડ પે-૭૬૦૦ કે તેથી વધુ)
- કુટુંબના ૪ સભ્યોની ગણતરી ધ્યાને લેતાં
  ભાડાની સુચિત રકમ : ૨૦,૦૦૦ X ૪ = રૂ. ૮૦,૦૦૦/-
- સંપૂર્ણ રોકડનો લાભ લેવા માટે કરવાના થતા ખર્ચની રકમ=૮૦,૦૦૦ X 3
  =૨,૪૦,૦૦૦/-
- મળવાપાત્ર મહત્તમ રકમ= રૂ. ૮૦,૦૦૦/-
- મળવાપાત્ર રોકડ લાભની રકમ =

  $\frac{\text{કર્મચારી દ્વારા કરવામાં આવેલ ખરેખર ખર્ચ X મળવાપાત્ર સૂચિત ભાડું}}{\text{સંપૂર્ણ રોકડનો લાભ લેવા માટે કરવાના થતા ખર્ચની રકમ}}$

- જો, કર્મચારી દ્વારા રૂ.૨,૪૦,૦૦૦/- કે તેથી વધુનો ખર્ચ કરવામાં આવે તેવા કિસ્સામાં,
  મળવાપાત્ર રોકડ લાભની રકમ= $\frac{\text{૨,૪૦,૦૦૦ X ૮૦,૦૦૦}}{\text{૨,૪૦,૦૦૦}}$ = ૮૦,૦૦૦/-

- જો, કર્મચારી દ્વારા રૂ.૧,૨૦,૦૦૦/- (સંપૂર્ણ રોકડનો લાભ લેવા માટે કરવાના થતા ખર્ચની રકમ કરતા ઓછી રકમ)નો ખર્ચ કરવામાં આવે તેવા કિસ્સામાં,
  મળવાપાત્ર રોકડ લાભની રકમ= $\frac{\text{૧,૨૦,૦૦૦ X ૮૦,૦૦૦}}{\text{૨,૪૦,૦૦૦}}$ = ૪૦,૦૦૦/-

Scanned by CamScanner